# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

2) પ્રધાનમંત્રીએ કહ્યું કે, અનેક પડકાર છતાં, આ દાયકો ભારત માટે પ્રગતિનો રહ્યો

3) સંસદના અંદાજપત્ર સત્રનો પહેલો તબક્કો પૂર્ણ - બંને ગૃહ આગામી 9 માર્ચે તેમની બેઠક ફરી શરૂ કરશે.

4) કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું કે, ભારતે મુખ્ય વૈશ્વિક અર્થતંત્ર સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા

5) ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વ કપમાં, દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ગુજરાતમાં મુકાબલો

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામની મુલાકાત લેશે. તેઓ સવારે ડિબ્રુગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મોરન બાયપાસ પર સ્થિત ઇમરજન્સી લેન્ડિંગ સુવિધા પર પહોંચશે, જ્યાં તેઓ ફાઇટર જેટ, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર દ્વારા હવાઈ પ્રદર્શન નીહાળશે.

આ ઇમરજન્સી લેન્ડિંગ સુવિધા ઉત્તરપૂર્વ ભારતમાં આ પ્રકારની પ્રથમ સુવિધા છે, જે સૈન્ય અને નાગરિક વિમાનોને કટોકટી ઉતરાણ અને ઉડાનમાં મદદ કરવા માટે વાયુસેના સાથે સંકલનમાં વિકસાવવામાં આવી છે.

શ્રી મોદી ગુવાહાટીમાં પાંચ હજાર 450 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પરિયોજનાનું ઉદ્ઘાટન પણ કરશે.

સાંભળીએ આ અંગે અમારા પ્રતિનિધિનો અહેવાલ

V/C- AMINUL

# PM HARYANA E BUS SEWA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચંદીગઢના સેક્ટર 43 બસ મથક પરથી PM ઈ-બસ સેવા યોજના હેઠળ નવી ઇલેક્ટ્રિક બસને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપશે. આ યોજના કેન્દ્ર સરકારની એક મુખ્ય પહેલ છે, જે ઓગસ્ટ 2023માં શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ દ્વારા 169 શહેરોમાં 10 હજાર ઇલેક્ટ્રિક બસો ચલાવવાનો છે.

અંદાજે 57 હજાર 613 કરોડના ખર્ચે બનેલી આ યોજનાનો હેતુ ગ્રીન અર્બન ટ્રાન્સપોર્ટને પ્રોત્સાહન આપવાનો છે.

## BHAVNAGAR E CITY BUS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે ગુજરાતનાં ભાવનગરમાં 509 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ – ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ વર્ચ્યૂઅલ માધ્યમથી ઉપસ્થિત રહેશે. ઇલેક્ટ્રિક સિટી બસના ડેપો ખાતે મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

## PRIME MINISTER-ET-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અનેક વૈશ્વિક પડકાર અને વિક્ષેપ છતાં, આ દાયકો ભારત માટે અભૂતપૂર્વ વિકાસ, અસરકારક કામગીરી અને લોકશાહીને મજબૂત બનાવવાનો દાયકો રહ્યો છે. ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં આયોજિત એક સંમેલનને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં, વિશ્વએ વૈશ્વિક રોગચાળો, આંતરરાષ્ટ્રીય તણાવ, યુદ્ધો અને પુરવઠા શૃંખલા વિક્ષેપ જેવા ઘણા પડકારનો સામનો કર્યો છે. તેમ છતાં, ભારતે વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી છે.

### BYTE: PM-ET-SUMMIT

પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા દાયકાની શરૂઆતમાં, ભારત વિશ્વનું ૧૧મું સૌથી મોટું અર્થતંત્ર હતું, અને આજે દેશ વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે.

## PARLIAMENT

સંસદના અંદાજપત્ર સત્રનો પહેલો તબક્કો પૂર્ણ થયો છે. સંસદના બંને ગૃહોની કાર્યવાહી ગઇકાલે મુલતવી રાખવામાં આવી છે. આ સત્રના બીજા તબક્કા માટે આગામી 9 માર્ચે ફરી બેઠક શરૂ થશે.

સત્રનો પહેલો તબક્કો 28મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહને સંયુક્ત સંબોધન સાથે શરૂ થયો હતો. બે તબક્કાના સત્રનો બીજો તબક્કો આગામી 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે.

## GOYAL-FTA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે ભારત એકમાત્ર એવો દેશ છે, જેણે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, બ્રિટન, યુરોપિયન સંઘ, આઇસલેન્ડ, નોર્વે, સ્વિટ્ઝર્લૅન્ડ, લિક્ટેનસ્ટીન અને અમેરિકા સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ગઈકાલે નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે ભારતે આ કરારમાં ખેડૂતો, ડેરી ક્ષેત્ર અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના હિતોને ધ્યાનમાં લીધા છે.

**ગોયલે કહ્યું કે મુક્ત વેપાર કરારમાં 38 દેશનો સમાવેશ થાય છે, જે વૈશ્વિક અર્થતંત્રના બે તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે.**

**શ્રી ગોયલે ઉમેર્યું કે ભારત વિના વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં કૃત્રિમ બુદ્ધિનો ફેલાવો મુશ્કેલ બનશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WEST BENGAL ELECTION COMMISSION

**ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને, પંચ અને સર્વોચ્ચ અદાલત દ્વારા ફરજિયાત કરાયેલા મતદાર યાદી પ્રક્રિયાના ખાસ સઘન સુધારણા SIR સંબંધિત દસ્તાવેજ અપલોડ કરવાનો નિર્દેશ આપ્યો છે.**

**પંચે સ્પષ્ટ કર્યું છે કે જિલ્લા ચૂંટણી અધિકારીઓ 16 ફેબ્રુઆરીના રોજ સાંજે 5:00 વાગ્યા સુધીમાં સુનાવણી દરમિયાન નાગરિકો દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજની**

વ્યક્તિગત રીતે સમીક્ષા કરશે અને અપલોડ કરાયેલા કોઈપણ અનધિકૃત દસ્તાવેજની જવાબદારી જિલ્લા ચૂંટણી અધિકારીઓની રહેશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે ગઈકાલે પશ્ચિમ બંગાળના જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે ઓનલાઈન બેઠકમાં ખાસ સઘન સુધારા પ્રક્રિયાની સમીક્ષા કરી હતી. પશ્ચિમ બંગાળમાં અપૂર્ણ દસ્તાવેજ અપલોડના ઘણા કિસ્સા નોંધાયા હતા. ચૂંટણી પંચે આ કેસને ગંભીરતાથી લીધા છે.

# HP - PANCHAYAT POLL

સર્વોચ્ચ અદાલતે હિમાચલ પ્રદેશ વડી અદાલતના આદેશમાં ફેરફાર કરીને હિમાચલ પ્રદેશમાં ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવાની અંતિમ તારીખ 30 એપ્રિલથી વધારીને 31 મે કરી છે.

ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે વરસાદથી અસરગ્રસ્ત પર્વતીય રાજ્યમાં ચૂંટણી અધિકારીઓને પડતી લોજિસ્ટિકલ મુશ્કેલીઓને ધ્યાને રાખીને પુનર્નિર્માણ, સીમાંકન અને અનામત કાર્ય પૂર્ણ કરવા 28 ફેબ્રુઆરીની સમયમર્યાદા 31 માર્ચ સુધી લંબાવી દીધી છે. જોકે, અદાલતે જણાવ્યું કે સીમાંકનનો ઉપયોગ ચૂંટણી અટકાવવા માટે થઈ શકતો નથી.

# MORN.WORLD LEADERS - INDIA AI SUMMIT

ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક સહયોગમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે. આ વૈશ્વિક દક્ષિણમાં યોજાનારી પ્રથમ વૈશ્વિક

એઆઈ સમિટ છે. આ સમિટ ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. આ સંમેલનમાં 20 દેશના નેતાઓ ભાગ લેશે.

## T-20 WORLD CUP

ICC પુરુષ T20 વિશ્વ કપમાં આજે ગુજરાતમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7.00 વાગે શરૂ થશે

આ સાથે આયર્લેન્ડ આજે સવારે 11 વાગ્યે શ્રીલંકાના કોલંબોમાં ઓમાન સામે ટકરાશે. ત્યારબાદ ઇંગ્લેન્ડ કોલકાતામાં બપોરે 3 વાગ્યે સ્કોટલેન્ડ સામે ટકરાશે,

દરમિયાન ગઈકાલે ચેન્નાઈમાં રમાયેલી મેચમાં, અમેરિકાએ નેધરલેન્ડ્સને 93 રનથી હરાવ્યું હતું.

અગાઉ, સંયુક્ત આરબ અમીરાતે દિલ્હીમાં કેનેડાને 5 વિકેટથી, જ્યારે ઝિમ્બાબ્વેએ કોલંબોમાં એક રોમાંચક મેચમાં ઓસ્ટ્રેલિયાને 23 રનથી હરાવ્યું હતું.

## SHOOTING CHAMPIONSHIP

નવી દિલ્હીમાં એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ગઈકાલે ભારતે સાત ચંદ્રક જીત્યા. જેનાથી સિનિયર રાઇફલ અને પિસ્તોલ ઇવેન્ટ્સમાં ચંદ્રકની સંખ્યા 33 થઈ, જેમાં 13 સુવર્ણ, 11 રજત અને નવ કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

અમનપ્રીત સિંહે 25 મીટર સેન્ટર ફાયર પિસ્તોલમાં સુવર્ણ, ગુરપ્રીત સિંહે રજત જ્યારે અંકુર ગોયલે કાંસ્ય ચંદ્રક જીત્યો જીત્યો.

મહિલાઓની 50 મીટર રાઇફલ પ્રોન ઇવેન્ટમાં, ભારતે વધુ બે વ્યક્તિગત મેડલ જીત્યા. મહિલા ટીમ ઇવેન્ટમાં, સિફ્ટ કૌર સમરા, તેજસ્વિની સાવંત અને માનિની કૌશિકે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો

# DUBAI-INDIAN ATHLETES

ઓપન માસ્ટર્સ ગેમ્સ - અબુ ધાબી 2026માં પુરુષોની હેમર થ્રોમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું. કિશોરકુમાર ચંદીરા મોગને સુવર્ણ ચંદ્રક અને મોહમ્મદ અંસારે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

કિશોર કુમારે 37.92 મીટરના થ્રો સાથે સ્પર્ધામાં ટોચનું સ્થાન મેળવ્યું, જ્યારે મોહમ્મદ અંસાર ગઈકાલે યોજાયેલી આંતરરાષ્ટ્રીય વેટરન એથ્લેટિક્સ સ્પર્ધામાં ત્રીજા સ્થાને રહ્યા.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં, PM કાર્યાલયનાં ઉદ્ઘાટન અને બાંગ્લાદેશ ચૂંટણી પરિણામના સમચારોને મુખ્ય મથાળે આવરી લેવાયા છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે - બાંગ્લાદેશમાં રહેમાનને જંગી બહુમતી - કટ્ટરવાદી જમાતને જાકારો.
- નવગુજરાત સમયની હેડલાઇન છે - સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ઓળખ - PM કાર્યાલય "સેવાતીર્થ" બન્યું.
- સંદેશ લખે છે - સેવાતીર્થએ ભારતની સ્વતંત્ર ઓળખ - PM મોદી
- સ્થાનિક સમાચારોમાં - ગુજરાતની જિલ્લા અદાલતોમાં 15.90 લાખ કેસ પેન્ડીંગ, ગુજરાતમાંથી સાત કંપનીઓએ ચૂંટણી માટે 200 કરોડનું ફંડ આપ્યું જેવા સમાચારોને સ્થાન અપાયું છે.